કાન્તિ ભટ્ટ

## ખરાબ કર્મના પશ્ચાતાપ વિશે વિવિધ ધર્મ શું કહે છે ?

ટાઇગર વુડ્સ નામનો ગોલ્ફનો ખેલાડી તેના રોમાન્સ અને વાસના સંતોષવાના લફરાં પછી મોડે મોડે અમેરિકાના ફલોરિડા રાજ્યમાં પત્રકારો સમક્ષ પશ્ચાતાપ જાહેર કરીને નિર્મળ થવા માગે છે.

જગતભરમાં તમામ ધર્મમાં પાપના પ્રાયશ્ચિત માટે જોગવાઇ છે. એમાં વધુ ધાર્મિક મહત્ત્વ યહૂદીઓમાં છે. યહૂદીઓએ પશ્ચાતાપ માટે એમના યહૂદી વર્ષનો એક દિવસ ખાસ મુકરર કર્યો છે. આ દિવસને યોમ કિપૂર કહે છે અને એ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આવે છે.

આ યોમ કિપૂરના દિવસની વાત આપણે છેલ્લે કરીશું, પણ દરેક સૌરાષ્ટ્રના કાવ્યપ્રેમી માણસને કવિ કલાપી-રાજકવિ સૂરસિંહ તખ્તસિંહજી ગોહિલનું વિખ્યાત કાવ્ય યાદ હશેઃ હે પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે, પાપી એમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે. કવિ કલાપીને બે રાણી હતી. છતાં માત્ર બાવીશ-ત્રેવીસની ઉંમરે મહેલની દાસી નામે શોભના સાથે પ્રેમસંબંધ બાંધ્યો, પણ એને પરણી શક્યા નહીં. એ ઘટના પછી એમણે કાવ્યરૂપે પસ્તાવો જાહેર કરેલો.

અહીં આપણે કવિ-નાટકકાર શેક્સપિયરે ટેમ્પેસ્ટ નાટકમાં લખેલું સૂત્ર યાદ રાખવું જોઇએ. 'તમારાં ખરાબ કૃત્યોની જ્યારે બીજાને ખબર ન હોય ત્યારે તમારે હાથે કરીને એને યાદ કર્યા કરીને મન પર બોજ ન રાખવો. પસ્તાવો કરીને પછી બધું ભૂલીને નવેસર જિંદગી શરૂ કરવી.

એ જાતની શિખામણ હેન્રી ડેવિડ થોરોએ પણ આપી છેઃ To regret deeply is to live afresh…આ વાતને માનીને જાણે ટાઇગર વુડ્સ એનાં કૃત્ય માટે જાહેરમાં પસ્તાવો કરે છે અને નવેસરથી જીવન શરૂ કરવા માગે છે. ખરેખર તો મનુસ્મૃતિ પ્રમાણે તમારી વર્તણૂક અને જીવનને સુધારીને ઉત્કૃષ્ટ રસ્તા પર મૂકો એજ મોટો પશ્ચાતાપ છે.

કલાપીના કાવ્યની જેમ જ આજે ટાઇગર વુડ્સ પસ્તાવાના ઝરણામાં નહાઇ રહ્યો છે. એણે જાહેરમાં પશ્ચાતાપ કર્યો એ બદલ ઈશ્વર, અલ્લાહ કે ઈસુ કે કોઇ પણ ધર્મના ભગવાન એને માફ કરે કે ન કરે, પણ દુનિયાના લોકોનું ટાઇગર વુડ્સ પ્રત્યે માન વધ્યું છે અને એ એને માફ કરી દેશે.

પસ્તાવા અંગે દરેક ધર્મમાં અવકાશ છે અને એનું માહાત્મય છે. ઈસ્લામમાં, યહૂદી ધર્મમાં, ખ્રિસ્તી ધર્મમાં પણ પસ્તાવાની વાત છે. હિંદુ ધર્મ પ્રમાણે તો માણસે કરેલાં કર્મો ભોગવવાં જ પડે છે. પસ્તાવો કરીને એનાં કુકર્મો પુનઃ ન થાય એ જોવાનું છે. બાઇબલમાં પસ્તાવો અગર રિપેન્ટન્સની વ્યાખ્યા છેઃ ખરાબ કર્મોમાંથી પાછું ફરવું અને એ માટે દિલગીર થવું. રિપેન્ટન્સ એ શબ્દ ગ્રીક ભાષા પરથી વિકસ્યો છે. શરૂમાં ગ્રીક લોકો એને મેટાનોઇસ કહેતા. કુકર્મ કર્યું હોય તો પછી એ માટે માણસે દિલગીર થઇને એની ચેતનાને જગાડવી જોઇએ. ઈસ્લામમાં પસ્તાવા માટે સરસ શબ્દ છે તોબા અગર તોબાહને અને વિશાલ અર્થમાં અલ્લાહ પાસે માફી માગવી. કુરાનમાં કહ્યું છેઃ અલ્લાહ તને માફ કરે એ માટે બંદગી કર અને પાપનો પસ્તાવો કર. જો તારો પસ્તાવો સાચો હશે તો ખુદાતાલા માફ કરી દેશે..કોઇએ ઈસ્લામમાં પસ્તાવા માટે જે જોગવાઇ છે એનું અંગ્રેજી ભાષાંતર કરીને ટાઈગર વુડ્સને આપ્યું જણાય છે.

ડુ નોટ ડિસપેટ ઑફ ગૉડ્સ મર્સી. હી વિલ ફરગિવ યુ ઑફ ઓલ યોર સિન્સ. બીજા શબ્દોમાં કહીએ તો હે માનવી નિરાશ ન થતો. ખુદાતાલાની દયા પર ભરોસો રાખજે, તારાં તમામ પાપને માફ કરી દેશે. કુરાનમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ખુદા તો તને માફ કરવા હંમેશા આતુર છે. અમેરિકાના માનનીય પાદરી ડૉ. મારકસ બ્રેબુક એંગ્લિકન ચર્ચના પાદરી છે અને વર્લ્ડ રિલિજિયસ કૉંગ્રેસના ૧૯૮૪થી ૧૯૮૭ સુધી ચેરમેન રહેલા. એમણે કહેલું કે રિપેન્ટન્સ-પસ્તાવો તો માનવીના જીવનની આખી વિચારધારાના પરિવર્તનનું પ્રથમ પગલું છે અને પછી એને-કુકર્મને સુધારવા માટે તમામ પ્રયાસો કરવા. પસ્તાવો કરી ઈશ્વરની માફી માગવાની છે. ઈસુ ખ્રિસ્ત રામ અને કૃષ્ણ વચ્ચે અમુક બાબતમાં કોઇ જ ભેદ નથી..પણ હિંદુ ધર્મમાં પાપને માફ કરવાની આ જન્મમાં જોગવાઇ છે ? આવો પ્રશ્ન ડૉ. મારકસ બ્રેબુક પોતાને પૂછીને પોતે જ જવાબ આપે છે કે હિંદુ ધર્મમાં તો કરેલાં કુકર્મના પરિણામ ભોગવ્યે જ છૂટકો છે. આ જન્મ અને બીજા જન્મમાં પણ કર્મનાં ફળ ભોગવવાં જ પડે છે. બુદ્ધ ધર્મમાં પણ કર્મનાં ફળ ભોગવવાની વાત છે. ટાઇગર વુડ્સની માતાએ પણ દીકરાને કહ્યું કે તેં ખોટું કર્યું છે એનાં પરિણામ તું ભોગવે છે અને ભોગવીશ.

બનારસ હિંદુ યુનિ.ના પ્રોફેસર આર. કે. ત્રિપાઠી કહે છે કે ઈશ્વર કાંઇ બધી વાતમાં માથું મારતો નથી. માણસે એના ગયા જન્મનાં કર્મોનેં ફળ ભોગવવાં જ પડે છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એસ.રાધાકૃષ્ણને કહેલું કે આપણા જીવનના ખેલનાં પત્તાં આપણને પહેલથી જ-જન્મથી જ આપી દેવામાં આવ્યાં છે. આપણે એ પત્તાંની પસંદગી કરી શકતાં નથી. આપણે પૂર્વનાં કર્મોનાં ફળ ભોગવવાં જ પડે છે.

શિવભક્ત કવિ મન્નીકાવચકર જે પાંચમી સદીમાં દક્ષિણ ભારતમાં થઇ ગયાં. એમણે એક સરસ ગીત રચેલું છે. હે ઈશ્વર ! તેં મારી યોગ્યતા નહોતી છતાં આ શરીર અને આત્મા આપ્યો છે. મારે એનો લાભ લઇ સતત પ્રમાળ રહેવું જોઇએ. તારા ઉપકારના બદલામાં મારે જીવનમાં સીધે રસ્તે જ ચાલવું જોઇએ !

મહેરબાબાએ પણ ૧૯૫૧માં કુલદાવાદમાં પસ્તાવાને માટે એક પ્રાર્થના રચીને ભક્તોને આપી હતી.

હે ઈશ્વર ! મારા પર દયા કર, મારાં પાપને માફ કર. દરેક ખોટા વિચાર, ખોટાં કર્મ, જે કરવાં ન જોઇએ એ મેં કર્યા એ બદલ મને માફ કર ! માફ કર ! માફ કર !

આ ઉત્તમ પ્રાર્થના છે અને મહેરબાબની અહમદનગરની સમાધિ પાસે ભક્તો આ કવિતાનું રટણ કરે છે.

તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં કેટલાક ભારતીયો પર હિંસક હુમલા થયા છે. એ બદલ મેલબોર્ન ખાતેના પાદરી ડૉ. ફિલિપ હિગ્સને સંત પૉલના કૅથેડ્રલમાં રવિવારે(જાન્યુઆરીમાં) પ્રાર્થના કરીને ભારતીયો પર હુમલો કરવા બદલ ઈશ્વરની માફી માંગેલી ! તમામ ભારતીયને બિશપે ગેરન્ટી આપેલી કે અમે શાંતિસૂચક છીએ અને બીજાની હિંસા બદલ માફી માગીએ છીએ.

યહૂદી ધર્મ પશ્ચાતાપા કરવા અંગે ખૂબ જ સ્પષ્ટ અને નિશ્ચિત છે. યહૂદી વર્ષમાં જે તિશરી મહિનો આવે છે એના દસ દિવસને યોમ કિપૂરના દિવસ કહે છે. એ દિવસે જેરુસેલમની પવિત્ર દીવાલ પાસે જઇને દરેક યહૂદી પોતાનાં ખરાબ કૃત્યોની લેખિત માફી માગીને દીવાલના ગોખલામાં ચિઠ્ઠી મૂકે છે. યોમ કિપૂર એટલે કે દસ દિવસના પશ્ચાતાપના આખા કાર્યક્રમમાં છેલ્લે દિવસે આખો દિવસ સવારથી સાંજ સુધી પ્રાર્થના થાય છે. એ દિવસે રજા પાળવામાં આવે છે. માત્ર સરકારી રજા જ નહીં, કંપનીઓ, કારખાનાં બંધ રહે છે. જે ચુસ્ત યહૂદી છે એ આ પસ્તાવાના દિવસે અમુક ખાણી-પીણી, દારૂ અને સેક્સથી દૂર રહે છે. અતિ ધાર્મિક યહૂદીઓ એ દિવસે ચામડાંના જોડાં પણ પહેરતાં નથી. એ દિવસે લાંબો સફેદ ડગલો (જેને કીપેલોટ કહે છે) એ ધારણ કરે છે. યોમ કિપૂરની સાંજે યહૂદી પાદરીની હાજરીમાં ભેગા થઇ કોલનિદરે નામના સુંદર રાગવાળા કાવ્યનું પઠન કરે છે. યોમ કિપૂરને દિવસે કુટુંબના મરણ પામેલાં વહાલાંઓને પણ યાદ કરવામાં આવે છે. યહૂદી પાદરી આખા ઈઝરાયલ દેશ વતી ઈશ્વરની માફી માગે છે અને પ્રતીક રૂપે કાં પોતાનું લોહી છાંટે છે અગર બકરાને કાપીને એનું લોહી છાંટે છે.

યહૂદી ધર્મના પાદરી-રબી વિલિયમ કુન કહે છે કે સેરેના વિલિયમ્સ જેવી ટેનિસસ્ટારે નમ્ર થઇને એની ઉદ્ધતાઇ માટે માફી માગી તો ટાઇગર વુડ્સની માફી અને પસ્તાવો તો વધુ જરૂરી હતો. રબી વિલિયમ કહે છે કે જૂના રિવાજ પ્રમાણે બકરાને વધેરીને લોહી છાંટવાની જરૂર નથી, પણ તમારે ખોટી લક્ઝરી, ખોટો આનંદ અને બીજાને ભોગે કરેલા જલસાનો ત્યાગ કરવો જોઇએ...